રાજભવન, ગાંધીનગર.
તા. ૩૦/૦૪/૨૦૧૫

## ગુજરાત રાજયના ૫૫મા સ્થાપના દિન નિમિત્તે શુભકામનાઓ પાઠવતા રાજયપાલશ્રી

---

ગુજરાત રાજયના ૫૫મા સ્થાપના દિન– "ગુજરાત ગૌરવ દિન" નિમિત્તે ગુજરાતના રાજયપાલશ્રી ઓ. પી. કોહલીએ રાજયના તમામ નાગરિકોને હાર્દિક શુભકામનાઓ પાઠવી છે.

રાજયપાલશ્રીએ તેમના શુભેચ્છા સંદેશમાં જણાવ્યું છે કે ગુજરાત રાજય આજે સમગ્ર દેશ અને વિશ્વમાં વિકાસના નવા કીર્તિમાન પ્રસ્થાપિત કરી અગ્રેસર બન્યું છે. ગુજરાતની ખંતીલી પ્રજાની અનેક વિશેષતાઓ રહી છે. રાજયના લોકો તેમના સરળ સ્વભાવ, શાંતિ પ્રિયતા તથા વ્યવસાયિક સાહસિકતા અને કુશળતા દ્વારા વિકાસની નવી કેડીઓ કંડારી દુનિયાભરમાં જાણીતા બન્યા છે. તેમણે વિશ્વાસ વ્યકત કર્યો હતો કે ગુજરાતના નાગરિકોનું રાજયની વિકાસ કૂચમાં હર હમેશ યોગદાન પ્રાપ્ત થતું રહેશે અને રાજય પ્રગતિનાં નવાં સોપાન અવિરત સર કરતું રહેશે.

---

પ્રેસ સચિવ